IJCRT.ORG ISSN : 2320-2882

INTERNATIONAL JOURNAL OF CREATIVE RESEARCH THOUGHTS (IJCRT)

An International Open Access, Peer-reviewed, Refereed Journal

# સંતસાહિત્યનો સમુચિત અભ્યાસ : વચન

**Radha Joshi**
**PhD scholar**
**University of Delhi**

આ પુસ્તકના નિવેદનમાં શ્રી પલાણ લખે છે 'મિત્રોનાં પુસ્તકોની થઈ ગયેલી આકરી ટીકાઓને હળવી કે દૂર કરી છે.' તેમ છતાં એમણે ગંગાસતીનાં ભજનોના શબ્દોનો સહારો લઈને કહ્યું છે. "સ્વાધ્યાયમાં 'બેપરવાહ રૈવું નૈ' અને અભિપ્રાય વ્યક્ત કરવામાં 'રાખવી નહીં કોઈની દરકાર' " એ ન્યાયે અહીં સમાવેલી દરેક સમીક્ષામાં જે-તે સંશોધક સંપાદકના કાર્યમાં થોડોઘણો પણ ઉજાસ કળાયો છે ત્યાં પીઠ થાબડવાનું ભૂલ્યા નથી. અને એટલી જ તટસ્થતાથી સીમાઓ દેખાઈ ત્યાં પોતાના વજૂદશીલ અભિપ્રાયો ઉચાર્યા છે.

અહીં મુખ્યત્વે સંતસાહિત્ય વિષયક સંશોધન, સંપાદન, સૂચિ, વિવેચન અને આસ્વાદનાં પુસ્તકોની તપાસ છે. આ બધાનું અવલોકન નરોત્તમ પલાણે કેવી રીતે કર્યું છે તેની તપાસ કરીએ. શ્રી પલાણે આ પુસ્તકના શીર્ષકની નીચે 'સંતસાહિત્ય વિષયક સમીક્ષાઓ' એવું સ્પષ્ટીકરણ કરી પુસ્તકના વિષયવસ્તુ સંદર્ભે સીમાંકન કર્યું છે. એમાં તંતોતંત બંધ ન બેસે એવી ત્રણ સમીક્ષાઓ (પુસ્તકનું નિર્ધારિલું કદ જાળવવા) સમાવવી પડી છે. જેમકે શિવલાલ જેસલપુરા અને ધીરુ પરીખ સંપાદિત અખાકૃત 'અનુભવબિંદુ'નું સંપાદન, જયંત કોઠારીનું 'નરસિંહ મહેતાનાં પદો:નવાં પરિપેક્ષ્યમાં' સંશોધન, રમણ સોનીએ કરેલું 'નરસિંહ કાવ્યચયન' નામે સંપાદન.

શિવલાલ જેસલપુરા અને ધીરુ પરીખે 'અનુભવબિંદુ'ના અર્થઘટનમાં કેવા ગોટાળા કર્યા છે તેનો દાખલા-દલીલને પૂરા આધારો સાથે પ્રતિવાદ કર્યો છે. 'નરસિંહનાં પદો:નવા પરિપેક્ષ્યમાં' અને 'નરસિંહ કાવ્યચયન' આ બે પુસ્તકો અને તેની નરોત્તમ પલાણે કરેલી એવી જ નમૂનેદાર સમીક્ષાઓ ખાસ કરીને નવસંશોધક માટે અનુકરણીય બની શકે તેવાં છે. મધ્યકાળનો દરેક સર્જક કેવી સંશોધનપરકતા ધરાવે છે, અને જયંત કોઠારી અને રમણ સોની જેવા ઝીણું જોનારા કેવી મથામણ કરીને વસ્તુનું નવા પરિપેક્ષ્યમાં મૂલવણું કરી આપે છે તેનો ખ્યાલ નરોત્તમ પલાણ આપણને આપે છે.

અહીં નૂતન જાની દ્વારા થયેલા 'મધ્યયુગીન ભારતીય કવિતા' શીર્ષક તળે બે પુસ્તકોમાં કેવું રેઢીયાળ સંશોધન થયેલ છે તેની છણાવટ કરી નૂતન જાનીના આ સંશોધનને માત્ર 'સંકલન અનુવાદ' કહીને અંતે કહે છે 'બીક લાગે છે કે ગુજરાતી સાહિત્યક્ષેત્રે સંશોધનનો મૃત્યુઘંટ વાગી રહ્યો છે કે શું?'(પૃ.38) તો 'ભક્તિ-આંદોલન પ્રેરિત નાટ્ય-નૃત્ય પ્રકારોમાં ભક્તિરસ અને મધુરભાવ' એ પૂર્ણિમા શાહના પુસ્તકનું 'ભક્તિ આંદોલન' નામથી સરસ આવલોકન કરી આવાં કામોની મૂલ્યવત્તા બતાવી આપી છે. આવા જ એક સંપાદન 'રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા' (સં. ઉષા ઉપાધ્યાય)ની સમીક્ષામાં ઉષાબહેને ઉઠાવેલી જહેમત એમનાં પ્રમાદ અને અવ્યવસ્થાના કારણે કેવી નિષ્ફળ નીવડી છે તેનો ખ્યાલ વિસ્તૃત રીતે આપ્યો છે. આ બંને મહિલાઓએ સંશોધનના નામે જે દાટ વાળ્યો છે તે ચિંતાજનક છે એવો સૂર પલાણનો રહ્યો છે. 'રાધાકૃષ્ણ વિના બીજું બોલ મા' (સં. ઉષા ઉપાધ્યાય)ની સમીક્ષામાં પલાણ લખે છે "

આવવો જ પ્રમાદ સંદર્ભગ્રંથો જોવામાં અને સંદર્ભસૂચિ આપવામાં વર્તાય છે...મુદ્રણની અવ્યવસ્થા પણ સર્વત્ર નડી છે...અહીં તો સંપાદન અને સ્વાધ્યાયના અનેક પ્રશ્નો છે'.ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત આ પુસ્તક આ અર્થમાં કરદાતાઓના પૈસાનો ગુનાહિત દુર્વ્યય છે.

પછીની બાર સમીક્ષાઓ પુસ્તકના વિષયવ્યાપમાં બરાબર બંધ બેસે છે. આ સમીક્ષાઓ અને પરિશિષ્ટરૂપે આ વિષયની નક્કર ભૂમિકા બાંધી આપતા તેમના જ બે લેખો આ પુસ્તકના વિષયવસ્તુને એકસૂત્રે બાંધે છે. એટલે સંતસાહિત્ય વિષયક અધિકૃત વિમર્શ આપણને એક સાથે સાંપડે છે. તેમની આ વિષય પરની લાંબા સમયની સાધના અને નિપુણતા દરેક ગ્રંથની તપાસમાં પ્રતિબિંબિત થતી રહે છે. આવી સજ્જતાને કારણે તેમને પુસ્તકમાં રહેલી મર્યાદાઓ તરત દેખાય છે. આ ક્ષેત્રે કામ કરનારા વિદ્વાનોને એ વારંવાર ક્ષેત્રકાર્ય કરવાની સલાહ આપે છે. નિવેદનમાં નોંધે છે. 'મને હંમેશાં એમ લાગ્યું છે કે સંતવાણી-ભજનવાણી વિશે કામ કરનારાએ શક્ય તેટલાં વધુ સંસ્થાનોની મુલાકાત લેવી જોઈએ. આ સંતસ્થાનો આપણા મધ્યકાલીન સાહિત્યના તો મહાભંડાર છે.'

સૌથી વધુ રસપ્રદ બાબત આ સમીક્ષાઓમાં મને એ દેખાય છે કે તેમનો પુસ્તકને અવલોકવાનો વ્યૂહ જુદો છે. એ ચીલાચાલુ ઢબે પુસ્તકનો અહેવાલ આપીને માત્ર સ્થિતિદર્શક માહિતી આપતા નથી. એ પુસ્તકમાં રહેલ અભ્યાસીના સ્વાધ્યાયના ચમકારાને અધોરેખિત કરતાં કરતાં, પૂરેપૂરા વસ્તુલક્ષી રહીને વાંચનાર અને સર્જક બંનેનું જ્ઞાનવર્ધન થાય એ રીતે તથ્યપરક બાબતોની પૂર્તિ કરે છે. અંતે સંયત ભાષામાં સીમાઓ બતાવે છે.

જયંત કોઠારી નરસિંહનાં પદોનું નવા પરિપેક્ષ્યમાં વિવરણ કરે છે ત્યાં લખે છે 'નરસિંહનાં પદોના વિશિષ્ટ કાવ્યોન્મેશ અને કવિ-છબીની ચર્ચા ભારે સંતર્પક છે... 'મેહુલો ગાજે ને માધવ નાચે'માં રહેલો નાદવિભાવ અને 'ગોકુળમાં આંબો મોર્યો'માં સાદ્યંત નિભાવ પામતું આંબાનું રૂપક વગેરેની ચર્ચા કોઠારીના તેજસ્વી અને રસિક સ્વાધ્યાયની ઓળખ બની રહે છે.' (પૃ.81)મુકુન્દચન્દ્ર નાગરના પુસ્તક 'ગુજરાતની પીર પરંપરા'ની સમીક્ષામાં શ્રી પલાણ તેમના સ્વાધ્યાયવ્યાપની પ્રશંસા કરીને પણ વિષયને વિશદ કરવાની જરૂરિયાતને ચીંધે છે. 'પાટપૂજા, સવરામંડપ અને એમાં આરપાર રહેલી પીર પરંપરાને સમજવા માટે અહીં ઘણુંબધું છે અને છતાંય ઘણુંઘણું બાકી રહી જાય છે' આમ કહી આ સ્વાધ્યાયમાં કચ્છ-સિંધ અને ઉત્તર-દક્ષિણ ગુજરાતમાં સ્થિત પીરસ્થાનોનો પરિચય નથી એ બતાવી આપે છે. આપણા વિવેચનમાં અભ્યાસીઓને પોતાનાં નિરીક્ષણો, અભિપ્રાયો, મૂલ્યાંકનો, તારણો વ્યક્ત કરવામાં યોગ્ય-અનુરૂપ પરિભાષા મળતી નથી. આ પ્રકારની સજ્જતા વિવેચકને લાંબા સમયના સઘન સ્વાધ્યાયથી પ્રાપ્ત થતી હોય છે. આવી યોગ્ય અને વાગ્મિતાભરી વિવેચન પરિભાષા તેમના વિવેચનને/ વિવરણને દુર્બોધ બનતું અટકાવે છે. અહીં લગભગ દરેક સમીક્ષામાં શ્રી પલાણની આવી સજ્જતા દેખાઈ આવશે. બળવંત જાનીના 'ગુજરાતી સંતસાહિત્ય વિમર્શ'માં વિમર્શ કરતા સંકલન વધારે છે એવું કહેવા કહે છે. 'અહીં 'તથ્ય'નું નવનીત સાવ અલ્પ અને વલોણાનો ધમધમાટ વધારે છે !'[...] 'જાની ચારેબાજુ ફરી વળતા આપણા એક બહુઆયામી અભ્યાસી છે, પણ એમની શક્તિ આ ક્ષેત્રમાં અને તે ક્ષેત્રમાં છબછબિયાં સર્જીને ખર્ચાઈ જાય તે કોઈપણ સહૃદયીને જચે નહીં.' (પૃ.48,50) ક્યારેક ટકોર કરીને પણ સર્જકના સ્વાધ્યાયના મૂલ્યને પ્રમાણે છે. નિરંજન રાજયગુરુની લોકસાહિત્ય અને ચારણીસાહિત્યની જાણકારી પોતાના પૂરતી જ કેમ સીમિત રહી જાય છે તે બતાવતા લખે છે. 'લેખક પાસે જાણકારી ઘણી છે, પણ વર્ગીકરણ નથી એટલે સર્વત્ર સંકર રજૂઆત થઈ ગઈ છે. લોકબોલીમાં આને ખીચડો કહેવાય! ખેર, ભલે ખીચડો પણ નિરંજન રાજ્યગુરુએ રાંધી આપ્યો છે, એનો પણ એક સ્વાદ છે.' (પૃ.57) ક્યારેક તેઓ બાંધ્યા ભારે માર્મિક રીતે પોતાની વાત મૂકે છે. અંબાદાન રોહડિયાના પુસ્તક 'ચારણી સાહિત્યસંદર્ભ' વિશે વાત કરતા કહે છે. 'અંબાદાન સાદ્યંત અધ્યાપક રહ્યા છે તે આ પ્રકાશનની સિદ્ધિ અને મર્યાદા છે.' (પૃ.107)

સંશોધન/સંપાદનજનિત અને વિવેચનમૂલક પુસ્તકોમાં સૂચિ હોવી જોઈએ એવું કહેનારા નરોત્તમ પલાણ આ પુસ્તકમાં શબ્દસૂચિ, કર્તાસૂચિ, પુસ્તકસૂચિ આપતા નથી. તો એમણે સમીક્ષા માટે પસંદ કરેલાં પુસ્તકોનો સંદર્ભ સમીક્ષાને અંતે આપે છે. જે ખરેખર આરંભે કે પહેલા પાને નીચે હોય તો સુગમ રહે. અહીં લગભગ દરેક પુસ્તકની સંદર્ભનોંધમાં ક્યાંય એકસૂત્રતા જળવાઈ નથી. અહીં બે લેખોમાં

એક જ સર્જકના એક જ વિષયને લક્ષ્ય કરતાં એક સાથે પ્રસિદ્ધ થયેલાં એકથી વધારે પુસ્તકની એક જ સમીક્ષામાં વાત કરી છે એ બરાબર, પણ પુસ્તકની બારમી સમીક્ષા 'વૈષ્ણવી માધુર્ય' તળે આમ તો એક સાથે કુલ છ પુસ્તકોની સમીક્ષા મૂકી ગણાય. આ શીર્ષક ખરેખર તો ડૉ. ભ્રમરલાલ જોશીના પુસ્તક 'સુરદાસ ઔર નરસિંહ મહેતા:તુલનાત્મક અધ્યયન'ની સમીક્ષાને આપેલું છે. જ્યારે આ લેખને અંતે આપેલ પુસ્તકસંદર્ભ પ્રા. આર. સી. પોપટના પુસ્તક 'પુષ્ટિ પાથેય'ની સમીક્ષાનો છે. આ બે સમીક્ષાની વચ્ચે દ્વારકેશલાલજી મહારાજની 'પુષ્ટિમાર્ગનો મર્મ' શીર્ષકવાળી ચાર પુસ્તિકાની 'પુષ્ટિમાર્ગની ઝાંખી' નામે સમીક્ષા ઘુસાડીને જાણે શ્રી પલાણ આપણને પોરબંદરની ભૂલભૂલામણીમાં આંટો મરાવતા હોય તેવું લાગે છે. આ ઉપરાંત અહીં પહેલી સમીક્ષામાં શ્રી પલાણ લખે છે 'અનેક રસિક વિદ્વાનોએ સૂર અને નરસિંહની તુલના કરતાં નિબંધો અને મહાનિબંધો આપ્યાં છે. આમાં ડૉ. ભ્રમરલાલ જોશી તથા ડૉ. લલિતકુમાર પરીખ એક સાથે 'સુરદાસ ઔર નરસિંહ મહેતા : તુલનાત્મક અધ્યયન' લઈને આવે છે.' હવે અહીં એ નક્કી થતું નથી કે આ બન્ને સંશોધકોએ ઉપરના એક જ શીર્ષકતળે તુલનાત્મક અધ્યયન કર્યું હશે ! ઉપરાંત શીર્ષક હિન્દીમાં આપ્યું છે તો આ બન્ને સંશોધનો હિન્દીમાં થયાં હશે? તો ઉષા ઉપાધ્યાયના પુસ્તકની સમીક્ષામાં 'સીતાજીની કાંચળી'નાં સર્જક કૃષ્ણાબાઈને ઉષા ઉપાધ્યાયે અનિર્ણિત વર્ગમાં મૂક્યાં છે. એનો સમય(અઢારમો સૈકો) જોવા શ્રી પલાણ ઉષાબહેનને પરિષદ પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ ગ્રંથ-2 , ખંડ-2, (સંશોધિત આવૃત્તિ) પૃ.109 જોવાની ભલામણ કરે છે પણ શ્રી પલાણ એ જણાવતા નથી કે આ ઈતિહાસ લખવાવાળાઓએ કૃષ્ણાબાઈનો સમય અઢારમી સદી શેના આધારે નક્કી કર્યો? મને તો આજથી માત્ર ત્રણસો વર્ષ પહેલા થઈ ગયેલા સર્જકને સો વર્ષના લાંબા સમયાવધિમાં અટકળે મૂકવો પડે એવા સર્જકના સમયને અનિર્ણિત ગણવાનું જ મન થાય. તો મનસુખલાલ સાવલિયાએ ભોજા ભગતની કાવ્યપંક્તિઓના વિવરણમાં કેવા મનઘડંત અર્થો કર્યા છે તેના ઉદાહરણ તરીકે શ્રી સાવલિયાએ મૂળના 'અસન્ન અંધારું' શબ્દપ્રયોગનો 'અસંખ્ય અંધારું' કરીને કેવું અવળ અર્થઘટન કર્યું છે તેનું બયાન કર્યું છે પણ આ 'અસન્ન અંધારું' શબ્દપ્રયોગનો ઉઘાડ કર્યો નથી. એટલે કહી શકાય કે શ્રી પલાણ ક્યારેક જે ઉત્સાહ સીમા બતાવવામાં દર્શાવે છે તેવો તેનું તથ્યલક્ષી નિવારણ બતાવવામાં નથી દર્શાવતા. આ પુસ્તકની મૂલ્યવત્તા સામે આ સીમાઓ સાવ નગણ્ય છે.

**વચન : નરોત્તમ પલાણ પ્ર. આ. 2018, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, પૃ.120, મૂ.135**